R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 19 • PAGES : 28 • MUMBAI • DATE : 5TH AUGUST 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-




**HD FIRE PROTECT PVT. LTD.**
Corporate HQ:
D-6/2, Road No. 34, Wagle Estate,
Thane 400604, India
T: +(91) 2221582600 E: info@hdfire.com

MADE IN INDIA

www.hdfire.com

With Best Compliments from:

MICROFINISH
Pumps • Valves • Automation




MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

**તંત્રી સ્થાનેથી**

# આવો, આપણે સાથે મળી પ્રકાશ સમીક્ષાને સૌની પસંદગીનું બનાવીએ



– ડૉ. હીરાચંદ દંડ

છેલ્લા બે વર્ષથી પ્રકાશ સમીક્ષાનું તંત્રીમંડળ વાચકો માટે વિવિધરંગી તથા માહિતીપ્રદ વાચન સામગ્રી ધરાવતા લેખો પ્રકાશિત કરવા સખત પરિશ્રમ કરી રહ્યું છે. લેખકોને ટુંકા લેખો લખવા વિનંતી કરવામાં આવી છે જેથી વાચકોનું વધુ ધ્યાન કેન્દ્રિત થઈ શકે. આપણે બધા જાણીએ છીએ કે બહુમતિ વાચકો અત્યારે નાના તથા મુદ્દાસર લેખો વાંચવાનું પસંદ કરે છે એટલે પ્રકાશ સમીક્ષાના મોટા ભાગના લેખો એક પાનામાં હોય છે તથા જેમાં સુંદર રીતે મુદ્દાસર લખાયેલા સંદેશ તથા માહિતીનો સમાવેશ થયેલો જોવા મળે છે.

અમે લેખકો અને વાચકોને નીકટ લાવવા પણ પ્રયત્નશીલ છીએ એ માટે લેખકના સંપર્ક નંબર પણ તેમના નામ અને ફોટોગ્રાફ સાથે આપીએ છીએ. જેથી વાચકો લેખકોનો સીધો સંપર્ક સાધી પોતાના પ્રતિભાવો લેખકને આપી શકે.

પ્રકાશ સમીક્ષામાં કેટલાંક લેખ અંગ્રેજીમાં નિયમિત રીતે આપવાની શરૂઆત કરી છે જેથી યુવાન વાચકો કે જેઓ ગુજરાતી વાંચી નથી શકતા તેઓ પણ પ્રકાશ સમીક્ષા સાથે જોડાય અને ૯૫ વરસની પરંપરા આગળ ધપતી રહે. છેલ્લા થોડાક મહિનાથી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ દ્વારા વિવિધ વિષયો ઉપર નિયમિત લેખો અપાય છે જેમાં પ્રગટ થતાં આપણી જ્ઞાતિના યુવાનોના વિચારો જાણવા મળે છે જે ખૂબ જ રસપ્રદ છે. તેવીજ રીતે 'બીંઈંગ જૈન' કોલમમાં શ્રીમતી શિલ્પા અજાણી દ્વારા લિખિત જૈનીઝમ અંગેના લેખો તથા 'ઓવર વ્યુ' કોલમમાં શ્રી તિલકચંદભાઈના લેખોને પણ વાચકો દ્વારા વધાવવામાં આવી રહ્યાં છે જે અમારા માટે ઉત્સાહપ્રેરક છે.

ગુજરાતીમાં પણ વિવિધ વિષયો ઉપર અનેક લેખો પ્રકાશિત થઈ રહ્યાં છે જેનો પણ વાચકોએ સુંદર પ્રતિસાદ આપ્યો છે. વાચકોની રસરૂચિને અનુરૂપ વાંચન સામગ્રીનું પ્રકાશન કરવાની સાથે સાથે જ્ઞાતિ ઉપયોગી બાબતોને પણ પ્રાધાન્ય આપવાનું તથા વ્યક્તિ વિશેષોનો પરિચય જ્ઞાતિને થાય એ માટે 'મળવા જેવા માણસ' કોલમનું નિયમિત પ્રકાશન થઈ રહ્યું છે. જે આપણા સમાજ  માટે પ્રેરણાદયક અને માર્ગદર્શક રહેશે.

હવે અમે આ ઉપરાંત અલગ અલગ વિષયો ઉપર લેખ આપવાનું ઈચ્છીએ છીએ. એટલે અમે વાચકો પાસેથી સુચનો અને મંતવ્યો ઈચ્છીએ છીએ. કારણ કે વાચકો જ અમારા માટે સૌથી મહત્વપૂર્ણ છે એટલે આપ સૌને વિનંતી છે કે આપના સૂચન – મંતવ્ય અમને પત્ર દ્વારા અથવા ઈ-મેઈલ ઉપર લખી મોકલાવો જેથી પ્રકાશ સમીક્ષામાં નવા લેખ પ્રકાશિત કરવા અમે પ્રયાસ કરી શકીએ. અને સૂચન મોકલવામાં જરાય મોડું નહિં કરતા કારણ કે અમે તમને મનગમતું વાંચન પ્રકાશિત કરવા કટિબદ્ધ છીએ.

અમે આગામી અંકથી વિવિધ શહેરો અને ગામોના મહાજનો વિશેની એક લેખમાળાનો પ્રારંભ કરી રહ્યાં છીએ. દરેક મહાજનોના પદાધિકારીઓ – ટ્રસ્ટીશ્રીઓને વિનંતી છે કે તેમના મહાજનની સંપૂર્ણ વિગતો kdoprakash@gmail.com ઉપર જરૂરથી મોકલાવે જેથી તેમના મંડળ વિશેનો લેખ તૈયાર કરી શકાય. તે ઉપરાંત ક.દ.ઓ જ્ઞાતિ દ્વારા બંધાયેલા દેરાસરો વિશેની લેખમાળા પણ આગામી અંકોમાં પ્રકાશિત કરવાનો પ્રારંભ કરવા નિર્ધાર્યું છે, જેથી નવી પેઢીને પણ આપણી ધરોહર અંગે માહિતી મળી શકે. એ માટે આપની પાસે કોઈ ખાસ વિગત હોય, માહિતી હોય તો અમને મોકલવા વિનમ્ર વિનંતી.

અમને ખાત્રી છે કે તમે સુજ્ઞ વાચકો આગળ આવી તમારા મંતવ્યો – સૂચનો અમને ત્વરિત મોકલાવશો. જો તમને લખવામાં કોઈ સંકોચ થતો હોય તો મને 7738508150 ઉપર ફોન કરી જણાવી શકો છો. પ્રકાશ સમીક્ષાને વધુ વાચનક્ષમ બનાવવાના અમારા પ્રયાસને આપનું પીઠબળ મળી રહેશે તો સોનામાં સુગંધ ભળશે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**

ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી શાહ

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા  કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના  પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા  શૈલેશ સનત્ શાહ

જયંત વિશનજી છેડા

**: ઑડિટર્સ :**

CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૧૯, તા. ૦૫-૦૮-૨૦૨૧**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.



# મળવા જેવા માણસ...

## શ્રી હરીશભાઈ નરશીં ધરમશી - સુથરી (મુલુંડ)

આજે હું તમને એક એવા સજ્જનની વાત કરવા માંગુ છું કે જેઓ હુબલીમાં પોતાનું શિક્ષણ પ્રાપ્ત કરી નોકરી અર્થે મુંબઈ આવ્યા હતા અને આજે તેઓ સફળ ઉદ્યોગપતિ છે. અને એ છે શ્રી હરીશ નરશી ધરમશી – સુથરી (મુલુંડ). તેઓ વિવિધ ઉદ્યોગો, એરપોર્ટ તથા અન્ય સ્થળોએ આવશ્યક એવા ફાયર પ્રોટેકશન સંસાધનોના વિખ્યાત ઉત્પાદક એચ. ડી. ફાયર પ્રોટેકટ પ્રા. લી. ના મેનેજીંગ ડાયરેકટર છે.

હરીશભાઈ આજે મોટા ઉદ્યોગપતિ છે પણ તેઓનો જન્મ ગર્ભશ્રીમંત પરિવારમાં (ચાંદીના ચમચા સાથે) નહોતો થયો. તેઓએ સફળ ઉદ્યોગપતિ બનવા માટે સખત સંઘર્ષ કર્યો છે. તેમની સફળતાની અને વિકાસની યાત્રા વિશે જાણવું ખૂબ જ રસપ્રદ બની રહેશે જેમાંથી યુવા પેઢીને ઘણું બધું શીખવા પણ મળશે.

હરીશભાઈનો જન્મ બાગલકોટમાં થયો હતો અને કોલેજનું શિક્ષણ બાગલકોટમાં મેળવ્યું ત્યારબાદ તેઓ હુબલી આવ્યા. તેમણે મીકેનીકલ એન્જિનિયરીંગની ડીગ્રી બી.વી.બી. કોલેજ હુબલીમાંથી મેળવી. એ પછી તેમણે પુનાની એક કંપનીના માર્કેટીંગ વિભાગમાં બે મહિના જ નોકરી કરી કારણ કે તેમને વેચાણ વિભાગમાં કામ કરવાની ઈચ્છા ન હતી. તેમને તો મેળવેલા શિક્ષણનો ઉત્પાદકતામાં ઉપયોગ કરવો હતો. એ પછી વોલ્ટાસમાં ફક્ત ત્રણ જ દિવસ કામ કર્યું. કારણ કે ત્યાં પગાર સારો હતો પણ કામ કરવાનો સંતોષ નહિ મળે એમ તેમને લાગ્યું. ત્યારબાદ મુંબઈની એક નાની ફર્મમાં ઓછા પગારની નોકરી સ્વીકારી જ્યાં તેમણે ૬ વર્ષ કામ કર્યું અને વિશાળ અનુભવ મેળવ્યો. જ્ઞાન અને અનુભવ મેળવવા માટે ધનની માત્રા ઓછી હોય તો પણ સ્વીકારવું જોઈએ તો લાંબા ગાળે તમે વિજેતા બની શકો. ગંભીર અને તેજસ્વી વિદ્યાર્થી માટે મોટા શહેરોમાં જ ભણવાનું જરૂરી નથી. તમે કુશળ હશો તો નાના શહેરોમાં પણ પોતાને સારી રીતે શિક્ષિત કરી અને સફળતા પ્રાપ્ત કરી શકશો એવું હરિશભાઈ દ્રઢપણે માને છે.

ઈ.સ. ૧૯૮૩માં હરીશભાઈએ Ace turnkey Fire Protection Pvt. Ltd. Co. ની તેમના અન્ય ચાર મિત્રો સાથે મળીને શરૂઆત કરી. તેઓએ ૬ વરસ સુધી કામ કર્યું. પરંતુ જોઈએ તેવી સફળતા ન મળી એટલે આ કંપની બંધ કરી. આ સમયગાળા દરમ્યાન હરીશભાઈ કંપનીમાંથી ઘર ખર્ચ માટે પણ કોઈ રકમ ઉપાડી નહોતા શક્યા. તેમના ધર્મપત્ની કુસુમબેન તે સમયે ઘાટકોપરની પી.એન. દોશી વુમન્સ કોલેજમાં પ્રિન્સીપાલ હતા તેમણે ઘરનો ખર્ચ આ સમયે ચલાવ્યો હતો અને હરીશભાઈને મદદરૂપ થયા હતા. ઈ. સ. ૧૯૯૦ માં હરીશભાઈએ એચ. ડી. ફાયર પ્રોટેકટ કંપનીની મુલુંડમાં ૫૫૦ સ્કેવરફુટની ફેકટરીમાં પ્રિન્સીપાલ કુસુમબેન સાથે ભાગીદારીમાં શરૂઆત કરી અને આજે ૩૦ વર્ષ પછી તે એક સફળ ઈન્ડસ્ટ્રીયલ હાઉસ બની ગયું છે. હરીશભાઈએ મોટું સ્વપ્ન જોવાનું સાહસ કર્યું જે એમણે સખત પરિશ્રમ દ્વારા સાકાર કર્યું.

**પ્ર. સ. :** Ace turnkey Co. માં તમારી આંગળીઓ દાઝી ગઈ હતી, ધારી સફળતા નહોતી મળી છતાં કઈ બાબતે તમને નવું સાહસ કરવા પ્રેરણા આપી ?

**હરીશભાઈ :** એ નફો કરનારી કંપની ન બની છતાં પણ મને મારા વિચારો ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો એટલે મેં મારા બળ ઉપર નવું સાહસ એચ. ડી. ફાયર શરૂ કર્યું. એ સમયે અગ્નિ સુરક્ષા સાધનો અમેરિકા અને યુરોપમાંથી આયાત કરાતા હતા. જેના ઉપર ૨૫૦% જેટલી આયાત જકાત હતી. મેં એ ઉત્પાદનો બનાવવાની શરૂઆત કરી અને આંતરરાષ્ટ્રિય માન્યતા મેળવવા પ્રયત્નો કર્યા. મેં એચ. ડી. ફાયરને ઉમદા ગુણવતા ધરાવતા ઉચ્ચ કોટીના ઉત્પાદક બનાવવાનો નિર્ધાર કર્યો હતો. એ માટે મેં સહાસ કર્યું અને પડકાર ઉપાડી લીધો. તે સમયે ફાયર ફાઈટીંગ સાધનો માટે ટ્રાફિક વિભાગ તરફથી મંજુરી મેળવવી પડતી હતી. ઈ.સ. ૧૯૯૧ માં ખુબ જ મોટા પાયે સાતત્યપૂર્ણ પ્રયાસો પછી અમને TAC તરફથી પરવાનગી મળી. એ પછી અમને નાના નાના ઓર્ડર મળવા લાગ્યા. અમારી પાસે મુડી બહુ ન હતી એટલે શ્રી અરિહંત બેંકમાંથી લોન લીધી અને તે દ્વારા ઓર્ડરની પૂર્ણતા કરતા ગયા.

**પ્ર.સ. :** તમારા પ્રાથમિક સાહસને કારણે તમને સફળતા મળી પણ એ પછી હરણફાળ કઈ રીતે ભરી ? તમારી વિરાટ સફળતાનું રહસ્ય શું છે ?

**હરીશભાઈ :** મેં તમને અગાઉ જણાવ્યું તેમ મારો વિચાર હતો કે હું સારી ગુણવત્તાના ઉત્પાદનો બનાવું જેથી આયાત થઈ રહેલા ઉત્પાદનોનો વિકલ્પ આપી શકું. TAC તરફથી મંજુરી

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : હંસ બી. ખીમજી - તેરા (માટુંગા). સંઘ શક્તિ કલિયુગે**

મળ્યા પછી હું આખા ભારતમાં દરેક જગ્યાએ ગયો. ગ્રાહકોની વ્યક્તિગત મુલાકાતો કરી તેમના પ્રશ્નો હલ કરવાનો પ્રયત્ન કર્યો અને મેં ફાયર પ્રોટેકશન સિવાય અન્ય ટેકનિકલ જ્ઞાન ધરાવતા કુશળ વ્યક્તિઓને મારી કંપનીમાં જોડ્યા. અમોએ ટ્રેડ ફેર, એકઝીબીશનમાં ભાગ લેવાનું શરૂ કર્યું જેથી મોટા ફલક પર અમારા ઉત્પાદનો પ્રસ્તુત કરી શકાય. મારા મિત્ર શ્રી આર. કે. જોષીએ ૧૯૯૨માં મારી કંપનીના માર્કેટીંગના સુત્રો સંભાળ્યા. તેમનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે દિલ્હી હતું તેથી અમને મોટા ઓર્ડર મળવાનું તથા અન્ય આવશ્યક મંજુરીઓ મળવાનું સરળ બન્યું. ૧૯૯૫માં અમારા અમૂક ઉત્પાદનોને આંતરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થઈ તેથી ઔદ્યોગિક ક્ષેત્રે અમારું નામ વધુ સુદૃઢ થયું. અમારી ગાડી ધમધમાટ ચાલવા માંડી. ભારત જે અત્યાર સુધી અગ્નિ શમન સાધનો આયાત કરતું હતું તે હવે નિકાસ કરતું થયું

મેં ધંધાના વિકાસ માટે ૩૫ થી વધુ દેશોનો પ્રવાસ કર્યો છે. અનેક વર્ષો સુધી દરેક મહિને પંદર દિવસ ધંધાર્થે વિદેશ પ્રવાસે રહેતો હતો. ભારતીય ઉત્પાદનોને હું આંતરરાષ્ટ્રિય સ્તરે વિસ્તૃત રીતે વેચવા ઈચ્છતો હતો. મેં વિશ્વભરમાં ભારતના ફાયર ફાઈટીંગ ઈકવીપમેન્ટસ્‌ને વેચ્યા અને સ્વીકૃતિ અપાવી જે શરૂઆતથી જ મારૂં ધ્યેય હતું. ઉચ્ચ લક્ષ્ય, સખત પરિશ્રમ, ગ્રાહકોને સારી સેવા, સારા કર્મચારીઓ અને પરિવારના સભ્યોનો ધંધામાં સહયોગ મળ્યો એટલે અમો સફળતા પ્રાપ્ત કરી શક્યા.

**પ્ર.સ. :** તમારા પરિવારના સભ્યોના સહભાગ અને સહયોગ વિશે વિગતવાર જણાવશો ?

**હરીશભાઈ :** મારી પત્ની હંમેશા મારી શક્તિ બની રહી છે. તે કંપનીના પ્રથમ દિવસથી જ મારી ભાગીદાર છે. મારી કરોડરજ્જુ બનીને હંમેશા પીઠબળ પુરૂં પાડ્યું છે. અમે અમારી ભાગીદારી ફર્મને પ્રા. લી. કું. માં બદલી એથી અમારો ધંધો સરસ રીતે વૃદ્ધિ પામ્યો. મારા મોટા ભાઈ શ્રી નરેન્દ્રભાઈ ડાયરેકટર તરીકે કંપનીમાં જોડાયા. ૨૦૦૯માં મારી પુત્રી પરિકા,જમાઈ મીહીર અને ભત્રીજા અનીકે પણ તેમનો અભ્યાસ વિદેશમાં પૂર્ણ કરી ત્યાંની કંપનીઓનો અનુભવ મેળવી અમારી કંપનીમાં જોડાઈ ગયા. તેઓએ કંપનીને નવો દ્રષ્ટિકોણ, નવી શક્તિ તથા નવી દિશા આપી જેથી એચ. ડી. ફાયરની પ્રગતિ ઝડપી બની.

આજે થાણામાં અમારી પોતાની બિલ્ડીંગ છે. જેમાં ૧૮૦૦૦ સ્કેવર ફુટની અદ્યતન ઓફિસ છે. જલગાંવમાં ૧૧ એકર જગ્યામાં ફેકટરી છે. જયાં ૩૫૦ થી વધુ કર્મચારીઓ કામ કરી રહ્યા છે.

**પ્ર. સ. :** તમને અનેક એવોર્ડ મળ્યા છે તેમજ અનેક લક્ષ્યો પ્રાપ્ત કર્યા છે એ અંગે મહત્વની વિગતો જણાવશો ?

**હરીશભાઈ :** બધા જ એવોર્ડ અને સન્માન એક સરખા મહત્વપૂર્ણ હોય છે. હું એમાંની થોડીક વિગતો જણાવીશ.

- committee member of UL USA for fire protection standards formation since 1998
- First asian co to have UL approvals in 1995
- Highest fire protection product exporter worldwide to 70 plus countries from india
- Export excellence award 2021 from the federation of industries of india
- Life time achievement award by Federation of industries of india

**પ્ર. સ. :** તમોએ કે.ડી.ઓ. જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓને દાન આપ્યું છે તથા જ્ઞાતિના યુવાનો અને વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓને પણ પીઠબળ પુરૂં પાડો છો જેને જ્ઞાતિજનો ખૂબ જ વખાણે છે.

**હરીશભાઈ :** સમાજને કંઈક પરત આપવું એ મારી નૈતિક ફરજ છે. આજની યુવા પેઢી આપણું ભવિષ્ય છે. આપણા યુવાનોએ શિક્ષણ મેળવવું જ જોઈએ જે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ જ જરૂરી છે એટલે હું તેમને સહયોગ આપવા હંમેશા પ્રયત્નશીલ રહું છું.

**પ્ર. સ. :** આભાર હીરશભાઈ આપની સંઘર્ષ અને સફળતાની વાતો યુવાનો માટે પ્રેરણાદાયી બની રહેશે.

**– ડૉ. હિરાચંદ દંડ**


## જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેકશન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

## Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

વિચાર વર્તુળ

# મધ્યમ વર્ગની મનોવ્યથા



- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
9978903247

મનુષ્યોના વર્ગીકરણ માટે અલગ અલગ માપદંડ વપરાય છે; જેમકે  ધર્મ, કર્મ, જાતિ કે જ્ઞાતિ, પ્રદેશ અને રાષ્ટ્ર વગેરે. મોટા ભાગે આ બધા માપદંડ લગભગ અચલ વસ્તુ છે જે બદલાતા નથી; તદુપરાંત મનુષ્યની આર્થિક સ્થિતિના આધાર પર પણ વર્ગીકરણ કરવામાં આવે છે, જેમાં અગાઉ ત્રણ વર્ગો હતા ધનિક, મધ્યમ અને ગરીબ. પણ વર્તમાન સમયમાં મધ્યમ વર્ગના પણ ત્રણ પ્રકાર પ્રચલિત છે જેમકે ઉચ્ચ મધ્યમ વર્ગ, મધ્યમ વર્ગ અને નિમ્ન મધ્યમ વર્ગ. સરકારે ગરીબ વર્ગ માટેની આવક મર્યાદા નક્કી કરેલ જે સમય સમયે બદલાય છે અને જેના પ્રમાણે જે પરિવારની વાર્ષિક આવક સરકારે નક્કી કરેલ રકમ કરતાં ઓછી હોય તે ગરીબી રેખાની નીચે હોવાથી ગરીબ ગણાય. જયારે મારા ખ્યાલ મુજબ ધનિક અને મધ્યમ વર્ગના વર્ગીકરણ માટે આવી કોઈ  આવક મર્યાદા કે સીમા સરકારે નક્કી નથી કરી. કદાચ અન્ય વ્યક્તિ કે સમાજ જ એ મનુષ્યની રહેણી કરણી પરથી પોતાની રીતે (arbitrarily) અન્ય મનુષ્યની  આર્થિક સ્થિતિ બાબતે અનુમાન લગાડીને તેને એમના અનુમાન કે ધારણા પ્રમાણે વર્ગીકરણ કરે છે.

એક સનાતન સત્ય છે કે લક્ષ્મી એટલે કે રૂપિયા કે પૈસા એ ચંચળ છે અને જયારે કોઈ વ્યકતિનું ભાગ્ય કે દુર્ભાગ્ય બદલાય ત્યારે તેની આર્થિક સ્થિતિ પણ બદલાય છે. એક પ્રસિદ્ધ ગુજરાતી કહેવત છે ‘સગા દીઠા મેં શાહઆલમના ભીખ માંગતા શેરીએ’. થોડા સમય પહેલાં મે ક્યાંક વાંચેલ કે એક વખતના ભારતના અત્યંત ધનાઢ્ય હૈદરાબાદના નિઝામના વશંજો કલકતામાં પગરિક્ષા ચલાવે છે. અનેક ફિલ્મી સિતારાઓ જેમકે ભગવાનદાદા અને ભારત ભૂષણ, જે ક્યારેક લાખો રૂપિયા કમાતા હતા અને અત્યંત વૈભવી બંગલાઓમાં ઠાઠ માઠથી રાજા મહારાજાઓની જેમ રહેતા હતા તેઓ વિવિધ કારણોસર આર્થિક રીતે ખુવાર થઇ જતાં ચાલીમાં એક રૂમના આવાસમાં રહેતા જોવા મળેલ છે.

હાલની કોરોના મહામારીના કારણે ઉદ્દભવેલી પરિસ્થિતિમાં અનેક પરિવારો ખાસ કરીને મધ્યમ વર્ગની કક્ષામાં આવતા પરિવારોની  સ્થિતિ અત્યંત કપરી કે કઠિન થઇ ગઈ છે; જેના કારણે ઉચ્ચ મધ્યમ વર્ગ એ મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ એ  નિમ્ન મધ્યમ વર્ગ તથા  નિમ્ન મધ્યમ વર્ગ એ લગભગ ગરીબની કક્ષામાં આવી ગયા છે. આ સ્થિતિ ભલે થોડા મહિનાઓ માટે ઉદ્દભવેલી હોય પણ તેની અસર લાંબા ગાળા સુધી રહેશે. આમ પણ સાધારણ સ્થિતિમાં મધ્યમ વર્ગનો પરિવાર આવક અને જાવકના બે છેડા ભેગા કરવા માટે જજુમતો જ હોય છે અને જેના માટે એક ગુજરાતી કહેવત છે કે ‘ગાલે તમાચો મારીને ગાલ લાલ રાખે છે’ તેવી સ્થિતિમાં જીવતો હોય છે. કોઈ ગુજરાતી પુસ્તકમાં વાંચેલ કે મધ્યમ વર્ગની વ્યકતિ એટલે જાહેરમાં અમીર હોવાનો ડોળ કે દેખાવ કરે છે, જયારે અંગત જીવનમાં ગરીબની માફક રહેતો હોય છે.

હાલની કોરોના મહામારીના કારણે ઉદ્દભવેલી પરિસ્થિતિમાં એક મધ્યમ વર્ગીય જ્ઞાતિ પરિવારની સ્થિતિ અત્યંત કપરી કે કઠિન થઇ ગઈ છે, કારણ કે ઘરના વડીલ રીટાયર થઇ ગયેલ છે અને તેમના એક માત્ર પુત્રની કોરોનાના કારણે નોકરી જતી રહી છે. તેમણે મારા અત્યંત ઘનિષ્ટ એવા કુટુંબીજનને આર્થિક મદદ કરવા માટે વિનંતી કરી કારણકે અગાઉ પણ તેમને અમારા આ કુટુંબીજનએ આર્થિક સહાય કરેલ. પણ સંજોગવસાત મારા કુટુંબીજન હાલની પરિસ્થિતિમાં એમને સહાય ના કરી શકે તેવી સ્થિતિમાં હોવાથી સલાહ આપી કે આપણી જ્ઞાતિના શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે જરૂરતમંદ જ્ઞાતિ પરિવાર  માટે ત્રણ મહિના સુધી દર મહિને રૂપિયા પાંચ હજાર એમના બેંક ખાતામાં સીધા જમા થઇ જાય અને જેમાં ના તો કોઈનું નામ જાહેર કરવામાં આવશે કે ના તો કોઈ આવકના પુરાવા કે અન્ય કોઈ માહિતી કે તપાસ કરવામાં આવશે આ સગવડ કે સુવિધાનો તમે હાલની કટોકટીની સ્થિતિમાં લાભ લ્યો, અને તમારી પાસે  જયારે સગવડ થાય ત્યારે સમાજને કોઈ પણ રીતે તમે આ રકમ પરત કરી દયો. તમે આ ગુપ્તદાન કે ગુપ્ત મદદ માટે ફોર્મ ભરીને તમારા બેંક ખાતાની વિગત તેમને આપો એટલી જ અલ્પ ઔપચારિકતા. આ ધરમશી પરિવારની કેટલી ઉદ્દાત ભાવના કે ‘જેમણે પણ ફોર્મ ભરીને મોકલેલું  છે તેમને હાલની પરિસ્થિતિમાં મદદની જરૂર છે એવું માની અને સ્વીકારીને અન્ય કોઈ સીધી કે આડકતરી રીતે તપાસ નહીં કરવામાં આવે અને જ્ઞાતિ પરિવારની વિગતો ગુપ્ત રાખવામાં આવશે’. પણ તે પરિવારે આ સહાય લેવા માટે ઇન્કાર કર્યો કે ના કરે નારાયણને જો અમારું નામ જાહેર થઇ જાય તો સમાજમાં કેવું લાગે.

આને મળતી એક ઘટના વર્ષ ૨૦૦૬ ના સુરતમાં આવેલ અભૂતપૂર્વ પૂરના સમયે ઘટેલ. અમારા પરિવારના મિત્ર એવા

એક મારવાડી જૈન સમાજના સદ્દગ્રહસ્થ  સુરતના રાંદેર વિસ્તારમાં નદી કિનારા નજીક રહે છે. એમના ગોદામ અને મકાનમાં લગભગ ૬ ફિટ જેટલા પાણી ચારેક દિવસ રહ્યા. તેમને અત્યતં  નુકશાન થયું અને જેને કહેવાય કે 'પહેરેલા કપડે રસ્તા પર આવી ગયા'. આ પરિવારના વડીલોએ દક્ષિણ ગુજરાત ખાસ કરીને વાપી અને  ઉદવાડા વિસ્તારોમાં અનેક સખાવતો કરેલ છે, એવા સમાજના આગેવાન અને પ્રતિષ્ઠિત કક્ષાના શ્રાવક પરિવાર પર ભયંકર આફત આવી પડી. તે સમયે તેમના વિસ્તારની જૈન પેઢીએ જેમને પણ આર્થિક મદદની જરૂર હોય તેવા જૈન પરિવારો પાસેથી માહિતી મગાવીને દરેક પરિવારને રૂપિયા વીશ હજારની તત્કાલ સહાય આપવાનું નક્કી કર્યું. આ પરિવારના મુખ્ય વ્યક્તિ એ પણ બહુ મથામણ પછી આ સહાય લેવા માટે નામ લખાવ્યું પણ જયારે સહાયની રકમ લેવા માટે તેમને બોલાવ્યા ત્યારે સવિનય ના પાડી દીધી.

આ પ્રસંગો કે ઘટનાઓને ધ્યાનમાં લઈને મેં આ લેખનું શીર્ષક રાખેલ છે 'મધ્યમ વર્ગની મનોવ્યથા'. ક્યારેક વ્યક્તિ સમાજ દ્વારા થોપવામાં આવેલ વર્ગીકરણની અદ્રશ્ય લક્ષ્મણ રેખા પાર કરી શકતો નથી અને મનોમન મૂંઝાતો રહે છે. આ અસમંજસ, દુવિધા કે કશમકસની પરિસ્થિતિને વિલિયમ શેક્સપીઅરના પ્રસિદ્ધ નાટક  'હેમ્લેટ'માં તાદ્દશ દર્શાવેલ છે અને  એ જગપ્રસિદ્ધ વાક્ય to be or not to be is the question આવી મનોવ્યથાને રજુ કરવા માટે વપરાય છે. આ પ્રસંગને અનુરૂપ એક ખુબ જ સુંદર હિંદી ફિલ્મ ગીતનો અંતરો રજુ કરૂં છું જે મધ્યમ વર્ગની મનોવેદના, મથામણ કે મજબૂરીને યથાર્થ રજુ કરે છે.

हम भी प्यासे हैं ये साकी को बता भी ना सके
सामने जाम था और जाम उठा भी न सके
काश हम गैरते महफ़िल के न मारे होते
वक्त करता जो वफ़ा...

અહીં ગૈરત એ ઉર્દુ શબ્દ છે જેનો અર્થ થાય છે શરમ અથવા આમન્યા. સામાન્ય રીતે એવું જોવા મળે છે કે મધ્યમ વર્ગ એ એવી આર્થિક અને માનસિક  સ્થિતિમાં હોય છે; કે જયારે આર્થિક મદદ લેવા જેવી પરિસ્થિતિ હોય ત્યારે સમાજ, સગાસંબંધી અને મીત્રવર્તુળમાં બદનામી કે નીચાપણાના ભય કે ડર અથવા માની લીધેલ કે શક્ય નિંદા કૂથલીના કારણે કોઈની પાસેથી મદદ લેવા માટે હાથ લાંબા નથી કરતા, અને તેમાં પણ જાહેર સંસ્થા કે ટ્રસ્ટ પાસેથી મદદ લેવા માટે સો વાર વિચાર કરે, કારણકે મદદ માંગનાર વ્યકતિની માન, મર્યાદા, આમન્યા કે મોભાનું માન સાચવી શકે અને ઓળખ ગુપ્ત રાખે તેવા ઠરેલ, સંવેદનશીલ અને સૌજન્યપૂર્ણ દાતાઓ કે સમાજના આગેવાનો હવે અલ્પ જોવા મળે છે. તેથી જ શ્રી નરશી નાથા સાધર્મિકોને લાડુમાં સોનાના સિક્કા નાખીને ભેટ આપતા જેથી લેનારનું ગૌરવ પણ જળવાય. તે ઉપરાંત જયારે મધ્યમ વર્ગના પરિવારને વ્યવહારિક પ્રસંગ કે અન્ય કારણસર, આપવાનો સમય કે સ્થિતિ આવે ત્યારે પણ આવકની મર્યાદા અને અનિશ્ચિતતા તથા જવાબદારીની જંજીરોના બંધનના કારણે પણ અપેક્ષા પ્રમાણે હાથ ખોલી શકતા નથી. આ કારણસર ક્યારેક અત્યંત હોશિયાર, કાબેલ અને ઉમદા વ્યક્તિઓ માત્ર મધ્યમ વર્ગના હોવાના કારણે, મોટા ભાગના સમાજો, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ તથા સંગઠનોમાં સક્રિય કાર્યકર કે આગેવાન થવાની લાયકાત અને યોગ્યતા ધરાવતા હોવા છતાં પણ માત્ર મૂક પ્રેક્ષક બની રહે છે.

ટી.વી. પર એક વાર આવકવેરા સબંધી કોઈ ચર્ચા ચાલી રહી હતી, જેમાં  કોઈ નિષ્ણાંતે કહેલ કે ભારતના માત્ર ૩-૫% લોકો જ આવકવેરો ભરે છે અને તેમાંથી મોટાભાગના લોકો મધ્યમ વર્ગના હોય છે; આ વર્ગ  વેરો ભરતા લોકોમાં ભલે બહુ સંખ્યક હોય; પણ તેમનો વેરાની સરકારી આવકમાં ફાળો નગણ્ય છે, તેથી સરકાર આ વર્ગની બહુ પરવા નથી કરતી કારણકે આ વર્ગ ન તો કોઈ રાજકીય પક્ષને આર્થિક ફાળો આપી શકે કે ન તો વોટ બેંક બની શકે તેટલી તેમની સંખ્યા છે. જયારે જેને અમીર કે ધનિક કહેવાય તેવા લોકો ભલે અલ્પ સંખ્યક હોય પણ તેમનો વેરાની સરકારી આવકમાં ફાળો નોંધપાત્ર હોય છે, તેથી તેઓ સરકારને વ્હાલા હોય છે .જયારે બાકીના ૯૭ -૯૫ % લોકો જે આવકવેરો ભરતા નથી તેઓ સરકાર કે સત્તાધારી પક્ષ માટે 'વોટ બેંક' છે તેથી સરકાર તેમને ખુશ રાખવા પ્રયત્નશીલ રહે છે. એટલે મધ્યમ વર્ગ એ ધનિક અને ગરીબ વર્ગ વચ્ચે પીસાય છે જેને અંગ્રેજીમાં 'સેન્ડવિચ' કહે છે.

આજ કાલની ટી.વી. સિરિયલોમાં ઘણીવાર એવું જોવા મળે છે કે કોઈ ગરીબ કે મધ્યમ વર્ગની કન્યા, અત્યંત ધનિક પરિવારમાં કોઈ પણ કારણસર પરણે છે અને ક્યારેક તે એની પિયર પક્ષની મળેલી તાલીમ પ્રમાણે કરકસર કરીને ખરીદી કે ખર્ચ કરે તો તેને તરતજ મહેણું મારવામાં આવે કે હવે તે ફલાણા  ફલાણા અમીર કે ધનિક પરિવારની વહુ છે, તેથી તેને હવે તેની મધ્યમ વર્ગીય કરકસરની માનસિકતા  છોડવી પડશે. એટલે એક સભ્ય અપશબ્દની કક્ષામાં આવતો નવો અંગ્રેજી શબ્દ સમૂહ 'મિડલ ક્લાસ મેન્ટાલીટી' (middle class mentality) અસ્તિત્વમાં આવેલ છે; અને  એક એવી નવી સમાજ વ્યવસ્થા ઉભરી રહી છે કે જેમાં મધ્યમ વર્ગીય હોવું એ એક સામાજિક ગુનો કે અભિશાપ છે.

**છીપનું મોતીઃ** લક્ષ્મીનો સદ્દઉપયોગ જ શેઠને શ્રેષ્ઠિ બનાવે છે.

## શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ) ધુલીયા પરમ પૂજ્ય યતિવર્ય શ્રી મોતીસાગરજી મહારાજ સાહેબ ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ સહાયતા યોજના (ધોરણ ૧૨માં પછી) ખાનદેશના સાત મહાજન !) ધુલીયા ૨) અમલનેર (પારોલા) ૩) જલગાંવ (ભુસાવલ) ૪) ચોપડા (રાવેર /ફૈજપુર) ૫) પાચોરા ૬) ચાલીસગાંવ ૭) દોંડાઈચા (શિરપુર)

ઉપરના સાત મહાજનનાં વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ પછી શૈક્ષણિક સહાયતા આપવાનું નક્કી કરેલ છે. જે વિદ્યાર્થી સહાયતા લેશે તેને પગભર થતાં પાછી કરવાની રહેશે. અરજી કરવા ફોર્મ ડાઉનલોડ કરવા માટે નીચે મુજબ સ્થાનિક ટ્રસ્ટીનો સંપર્ક કરો. ટ્રસ્ટી દ્વારા વોટ્સ એપ પર ફોર્મ મોકલવામાં આવશે. ફોર્મ ડાઉનલોડ કરી તેને યોગ્ય રીતે ભરી તમારા સ્થાનિક ટ્રસ્ટીને ફોર્મ સબમિટ કરો. સાત મહાજનનાં ટ્રસ્ટીઓ નીચે મુજબ છે તેમનો સંપર્ક કરવો.

૧) ધુલિયા : શ્રી રાજેન્દ્રભાઈ મહેન્દ્રભાઈ ધરમશી (9420941583)

૨) અમલનેર (પારોલા) : શ્રી વિપુલભાઈ ગુલાબચંદ ડાઘા (7507797658)

૩) જલગાંવ : શ્રી લલિતભાઈ વર્ધમાન લોડાયા (9423145769)

૪) ચોપડા (ફૈજપુર રાવેર) : શ્રી તિલકચંદ મુલજી લાલકા (9922084115)

૫) પાચોરા : શ્રી હિમાંશુભાઈ લાલજી લોડાયા (9823423983)

૬) ચાલીસગાંવ : શ્રી મનિષભાઈ ભવાનજી લોડાયા (8888520498)

૭) દોંડાઈચા (શિરપુર) : શ્રી ચંદ્રેશભાઈ હંસરાજ મોમાયા (9423494081)

**સચિવ : શ્રી કેતનભાઈ ઠાકરશી ગોસર (ધુલીયા)**
**૯૪૨૨૨૮૮૬૧૬**

**અધ્યક્ષ : શ્રી ભરતભાઈ નરશીભાઈ દંડ (મલકાપૂર)**
**૯૬૮૯૮૯૩૨૩૨**

## કે ડી ઓ વેલ્ફેર એસોસિએશનની સામાજીક સુરક્ષા યોજના

આ યોજનામાં અત્યારે ૫૦ વરસ સુધીના કોઈ પણ કેડીઓ ફક્ત એક જ વખત રૂા. ૨૦૦ સભ્ય પદ ફી તથા રૂા. ૨,૦૦૦/- રીફંડેબલ ડીપોજીટ ભરીને પોતાની ૫૫ વરસની વય સુધી જીવન વિમા જેવા રૂા. ૭૫,૦૦૦/- તથા અકસ્માત વીમા જેવા વધારાના રૂા. ૭૫,૦૦૦/-નું કવર મેળવી શકે છે અને ૫૫ વરસની વય પછી દર ૭ વરસની મેમ્બરશીપ માટે ૨૫% પ્રમાણે બોનસ સહિત ડીપોઝીટ પાછી મળે છે.

વર્તમાન સભ્યો તથા તા. ૩૧.૧૨.૨૦૨૧ સુધીમાં બનનારા સભ્યોમાંથી કોઇ આર્થિક રીતે જરૂરતમંદ પરિવારના સભ્યનું અવસાન થાય તો નિયમોને આધિન તેના નોમીનીને વધારાના રૂા. ૨૫,૦૦૦/- થી રૂા.૭૫,૦૦૦/- સુધી વધારાનું વળતર કેડીઓ વેલ્ફેર એસોસિએશન અંતર્ગત અપાય છે. કે.ડી.ઓ.વે.ઓ. સાધર્મિક સેવા સંગઠનની કમીટી દ્વારા અને કેડીઓ જ્ઞાતિજનો તથા સંસ્થાઓના સહયોગથી આયોજન થઈ રહ્યું છે, જે તા. ૧.૧૦.૨૦૨૧ સુધીમાં શરૂ થવાની શક્યતા છે.

કેડીઓ વેલ્ફેર એસોસિએશનની સામાજીક સુરક્ષા યોજનાની સંપૂર્ણ માહિતી કેડીઓવીપીના મોબાઈલ એપમાં વિવિધ સંસ્થાઓની માહિતી વિભાગમાં ઉપલબ્ધ છે અને નવા સભ્યપદ માટે ફોર્મ ડાઉનલોડ કરવાની સુવિધા છે અથવા સંસ્થાના પદાધિકારીઓ/કાર્યકરો અથવા welfarekdogmail.com ઈમેલ અથવા ૮૭૬૭૭૫૩૦૮૨ વોટ્સએપ નો સંપર્ક કરી આપનું પુરું નામ તથા વતનનું નામ જણાવી આપના પરીવારના સભ્યોની મેમ્બરશીપ માહિતી તથા ફોર્મ મેળવી શકશો.

અત્યાર સુધીમાં છેલ્લા ૩૧ વરસોમાં ૧૧૭૮૯ જ્ઞાતિજનો આ યોજનામા જોડાયા છે. ૩૯૯ સભ્યો અવસાન પામ્યા છે અને તેમના વારસદારો ને કુલ રૂા. બે કરોડથી વધુ રકમ ચુકવવામાં આવી છે. ૩૬૧૬ સભ્યો રીટાયર થયાં છે અને તેમાંના નોન સ્પોન્સર્ડ સભ્યોને બોનસ સાથે રકમ પરત કરાઇ છે તથા ૭૭૭૨ એકટીવ સભ્યો છે.

Deepak G Dagha
Vice president - 8767753082

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા – રવા (ચેમ્બુર)**

## દુઃખદ નિધન



પ્રવીણભાઈ લોડાયા પોતે એક ઉમદા વ્યક્તિત્વ હતા. પ્રકાશ-સમીક્ષાનાં એમનાં લેખો એમનાં સારા લેખક હોવાનીએ સાક્ષી પૂરતા. હું પણ ક્યારેક-ક્યારેક પ્રકાશમાં મારા વિચારો મોકલતી હોઉ છું અને એવું જવલ્લેજ બન્યુ હશે કે એમણે એનાં પર પોતાનો પ્રતિભાવ મને ના મોકલ્યો હોય ! ક્યારેક લખવાનું બંધ કરૂં તો એમનો મેસેજ આવે કે ''લખતા રહો... મોકલતા રહો !'' અને આ એમની વિનમ્રતાનો પરિચાયક છે !

મારી કલમ અને વ્યક્તિત્વ એમનાં પ્રમાણમાં ઘણુ નાનું છે પણ પોતાનાંથી ''કદ'' માં નાનાને મોટું મહસુસ કરાવવું એ એક ખરા મોટા માણસની અને સશક્ત વ્યક્તિત્વની નિશાની છે અને જે પ્રવીણભાઈ સિદ્ધ કરતા.

મારી કલમ જ્યારે પણ ઉપડશે ત્યારે તેમનાં પ્રેરણાદાયી અને પ્રોત્સાહિત કરતા શબ્દો મને હંમેશા યાદ આવશે .. પરમાત્મા આ આત્માને પરમ શાંતી આપે એ જ મારી પ્રાર્થના....

**- લીના હિરેન લોડાયા**

## પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



જન્મથ
તા : ૧૭-૧૦-૧૯૪૮

અરિહંતશરણ
તા : ૨૮-૭-૨૦૨૦

### સ્વ. ચંપાબેન શાંતીલાલ મણશી ડાઘા

સુખ દુઃખમાં સદાય હસતા રહ્યા,
તમે સહુના હૃદયમાં વસતા રહ્યા...
તમે જ છો અને તમે જ રહેશો અમ હૃદયમાં....

: શોકાતુર :

| | | |
|---|---|---|
| પતિ | : | શાંતીલાલ મણશી ડાઘા |
| પિતા | : | ડુંગરશી જેતશી દંડ |
| પુત્ર-પુત્રવધુ | : | વિશાલ - રાગિની |
| પુત્રી-જમાઈ | : | હિરલ હરીશ લોડાયા |
| | | મિત્તલ જયેશ દેઢીયા |
| પૌત્ર | : | નીલ હરેશ લોડાયા |

## કચ્છી કસબ - ૧૫૪ના જવાબો

**આડી ચાવીઓ :**

(૧) સેસવેસ (૪) અંકે (૫) તેખણ (૬) રસ (૮) કાની (૯) ભધ (૧૦) જાણી કરીને (૧૨) મેલો (૧૪) અખ (૧૫) માની (૧૬) કઢે (૧૭) વાની (૧૯) હાંઠી (૨૦) ત્ર્યો (૨૧) વાય (૨૪) ચર્યો (૨૫) જલાણી (૨૬) ડાડાણાં (૨૭) લેલો (૩) જંધર (૩૨) વેસ (૩૩) ગાર (૩૪) વાર (૩૫) ડાયજો (૩૬) બોજણું (૩૭) વરઈ

**ઉભી ચાવીઓ :**

(૧) સેરકાય (૨) સસની (૩) સગોભલો (૪) અંગ (૭) ખણીઅચ (૧૧) કખ (૧૨) મેની (૧૩) મંઢે વારયો (૧૫) માઠી (૧૮) નિયાણી (૧૯) હાંફડા ફાફડા (૨૨) બજ (૨૩) જેણાં (૨૪) ચકલો (૨૬) લાટ (૨૮) ચંધર (૨૯) લેસ (૩૦) જંગાણું (૩૧) બરઈ (૩૨) વેજો (૩૪) વાર

## કચ્છી કસબ - ૧૫૪ના વિજેતા

**ભાગ લેનારાઓના નામ :**

(૧) ભારતી સુર્યકાંત નાગડા - ધવનગીરી (૨) કાંતાબેન લક્ષ્મીપતી મોમાયા - મુલુંડ (૩) ચેતના લોડાયા - ડોંબીવલી (૪) કિશોરકુમાર મોતા - રાયપુર (૫) નિર્મલા શશીકાંત મૈશેરી - મુલુંડ

## પ્રતિભાવ

મળવા જેવા માણસ લેખમાં આપણા સમાજના સન્નારી ''શ્રીમતી મિનલબેન ભરત મુલજી ખોના''નું આપશ્રીની કલમે પરિચય જાણવા મળ્યું. તેઓ શ્રી વકીલાતના ક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહ્યા છે અને તેમનો પરિવાર એમને પૂરો સહયોગ આપે છે. સાથેસાથે તેઓ સમાજની અન્ય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા છે. ખૂબ ખૂબ અભિનંદન, આપણા સમાજમાં આવી ઘણી જ સન્નારીઓ હશે જેઓ ગૃહિણીની સાથે સાથે બેંકિંગ, વીમા અને સમાજની અન્ય સંસ્થાઓ સાથે કાર્યરત છે. તેઓનું પણ આવી રીતે પરિચય 'પ્રકાશ સમીક્ષા' દ્વારા આવતા અંકોમાં અવશ્ય મલતો રહેશે... એ જ આશા સાથે..

**કિશોર મેઘજી મોતા, લાલા-રાયપુર**
**૯૨૨૯૪ ૯૫૪૫૯**

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી પ્રેમિલાબેન લક્ષ્મીચંદ છેડા - સુજાપર (ભાંડુપ)**

શબ્દ કોયડો

## કચ્છી કસબ - ૧૫૫

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ :**

૧. કામ (work) (૩)
૩. પત્તાનો બાદશાહ (king of playing card) (૨)
૪. ગાભરૂ (coward) (૩)
૬. સીધું (right side) (૨)
૮. આડે રસ્તે (out line) (૩)
૧૦. પાઘડી (turban) (૨)
૧૧. નવવધુ (bride)(૨)
૧૨. પવન (wind) (૧)
૧૩. પોંચેલો માણસ (shrewed man)(૨)
૧૪. દોરી (string) (૨)
૧૫. નખ (nail)(૧)
૧૬. સંભળાવવું (to taunt) (૩)
૧૭. કાચની બાટલી (glass bottle)(૨)
૧૯. આપણું (ours) (૨)
૨૦. ઈરાદા વગર (without any intension)(૪)
૨૪. અણીદાર વસ્તુ ભરાવવી (pointed things to be put) (૨)
૨૫. લોહી (blood) (૨)
૨૬. કુતરાને અટકાવવાનો દરવાજો (door to protect from dog) (૪)
૨૯. સોઈ (needle) (૨)
૩૦. ચમચાગીરી (Flattery) (૩)
૩૩. ગરમ (hot) (૨)
૩૪. મકાન (Building) (૨)

**ઊભી ચાવીઓ :**

૧. કંટાળો (get bore) (૩)
૨. સુપડી (dust collecting pan)(૪)
૩. ભાઈઓ (Brothers)
૪. વાસવાળી પાદ (passing a gas with odour) (૨)
૫. સીધુ (right side )(૨)
૭. સગવડ (facility)(૨)
૯. કુવો (well) (૨)
૧૦. પત્થરાઓ (stones) (૩)
૧૧. ભેટ (gift)
૧૩. જન્મ વખતે દિકરીના બાળકોને અપાતી ભેટ (gift to daughter's child) (૩)
૧૪. બુઢ્ઢી સ્ત્રી (old lady) (૨)
૧૬. સરખો (proper)(૨)
૧૭. તડ (crack) (૨)
૧૮. ફરીથી (again) (૨)
૧૯. આપણને (to us)(૨)
૨૦. નાક (nose) (૨)
૨૧. કૂદવું (to jump) (૨)
૨૨. સ્ત્રીનું મસ્તીખોર થવું (female become mischerious) (૩)
૨૩. પડે છે (falling) (૨)
૨૪. પરિચિત (famililar) (૨)
૨૬. મઠ (matbean) (૩)
૨૭. દિવસના (at day time) (૩)
૨૮. અપજશ (blam) (૩)
૩૧. ઈંડુ (egg) (૨)
૩૨. નિસરણી (ladder) (૨)

**જીતો ઈનામો...** ઉપરોક્ત શબ્દ કોયડાના ઉત્તરો ચોકઠામાં ભરીને આ અંક પ્રકાશિત થયાના ૨૦ દિવસ સુધીમાં શ્રી જયકાંતભાઈ મોતાને પોતાના નામ - ગામ સાથે (મો.: ૯૮૧૯૬૨૮૩૮૨) વોટ્સઅપ ઉપર મોકલી આપવા. બધાજ સાચા જવાબ આપનારા વાચકોમાંથી ત્રણ વ્યક્તિઓને કુ. ચૌલા ઉમરશી કુરૂવા (અમદાવાદ) તરફથી લોટરી સિસ્ટમ દ્વારા ઈનામો આપવામાં આવશે.


U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS
AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS
COMMITMENT TO EXCELLENCE
OUR PRESENCE AT:
MUMBAI
JNPT
HAZIRA
KOLKATA
HALDIA
CHENNAI
KANDLA
MUNDRA
PIPAVAV
U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.
Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955
jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901
www.umkhona.com
CB: 11/189

# વિસરાયેલા : આપણા અનેરા વિરલાંઓ

**મધુકર જવેરચંદ શાહ લોડાયા (માટુંગા - મુંબઈ)**

બુધવાર તા. ૨૮ મી જુલાઈની એક દુઃખદ ઘડીએ ભારતના એક સમયના (૧૯૫૦ થી ૧૯૬૫ દરમ્યાન) મહાન બેડમિન્ટન ખેલાડી શ્રી નંદુ નાટેકરે અંતિમ શ્વાસ લીધા જેના બીજા દિવસે (૨૯ મીના ) અંગ્રેજીના અગ્રણી વર્તમાનપત્ર 'ટાઈમ્સ ઓફ ઈંડિયા' એ તેના સ્પોર્ટસ વિભાગના ૧૫ મા પાને સ્વ. નાટેકરને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ રૂપે તેમના ઉપર એક ખાસ લેખ પ્રકાશિત કર્યો હતો જેમાં નાટેકરની ભારતીય નેશનલ ચેમ્પીયનશીપ મેચોમાં (પોતાની સિંગલ ઉપરાંત) ડબલ્સની જોડીમાં તેમની સાથે રમી અને વિજયી થનારા તેમના સાથી ખેલાડીઓના ૪ નામો પણ પ્રકાશિત કર્યા હતા. આ સાથી ખેલાડીઓએ પણ તેમની જીતના વર્ષ દરમ્યાન ભારતીય ચેમ્પીયન ખેલાડી તરીકે નામના મેળવેલી. (૧૯૫૧ થી ૧૯૬૪ના વર્ષો દરમ્યના) સદ્‌ગતશ્રી સાથે રમીને વિજયી થનારા ચાર સાથીઓના નામોમાં એકનું નામ હતું શ્રી આર ડી. વિમાવાળા.

આપણા માટે આ નામ અનેરૂં છે. જેનો ઉલ્લેખ (અને તે પણ લેખની બાજુએ ખાસ નાના બ્લોકમાં રજુ થયેલ) વાંચીને મારૂં હૃદય એક અદમ્ય લાગણીપૂર્વક ભાવથી મનને ૬૦ વર્ષ પૂર્વના ઈતિહાસના પાનાઓ પર દોરી ગયું.

સ્વ. શ્રી આર. ડી. વિમાવાળા આપણી જ્ઞાતિજન હતા જેમનું પુરૂં નામ શ્રી રાયચંદ ડુંગરશી નાગડા હતું. તેમના ભાઈઓ શ્રી જયચંદભાઈ ડુંગરશી અને શ્રી રતિલાલભાઈ RD Shah... (આલ્લેપી, કેરળ) માં સ્થાઈ થયા તે અગાઉ વિમાની એજન્સીઓના વ્યવસાય સાથે સંકળાયેલા હોઈ સદ્‌ગત શ્રી રાયચંદ ભાઈએ પોતાની અટક 'વિમાવાળા' તરીકે અપનાવેલી.

નાનપણથી બેડમિન્ટનની રમતમાં વ્યસ્ત રહી તેઓ મુંબઈના અનેક જીમખાનાઓમાં રમાતી સ્પર્ધાઓમાં ખાસ કરીને ડબ્બલસની જોડીઓમાં સતત ભાગ લેતા હતા. તેઓ ડાબોડી ખેલાડી હતા અને જોરદાર ફટકાઓ (શોટ્‌સ) મારી આક્રમક રમત માટે જાણીતા હતા.

ઉપર નોંધ્યા મુજબ ૧૯૫૮ -૫૯ ની રાષ્ટ્રિય સ્પર્ધામાં નંદુ નાટેકર સાથે જોડીમાં રમીને રાષ્ટ્રિય બેડમિન્ટન ચેમ્પિયન તરીકેનું એક ઉચ્ચપદ જીતનારા તેઓ માત્ર પ્રથમ જ નહીં પણ આજ સુધીમાં એક માત્ર ક.દ.ઓ. ખેલાડી છે (કદાચીત પ્રથમ કચ્છી ગુજરાતી તરીકે પણ તેઓ એક માત્ર નામાંકિત ગુજરાતી બેડમિન્ટન ખેલાડી હશે.)

પરંતુ ખેદજનક હકીકત એ છે કે વેપાર ઉદ્યોગ કેન્દ્રિત આપણી જ્ઞાતિએ તેમનું કોઈ ખાસ સન્માન કરવું કે તેમને બિરદાવવા જેવો કોઈ ખિતાબ અર્પણ કરવા કદી વિચાર્યું હોય તેવો કોઈ ઉલ્લેખ ક્યાંય નથી .... અફસોસ... !

શ્રી વિમાવાળાને યાદ કરવા સાથોસાથ આપણા એક એવા જ અનન્ય ખેલાડીની પણ નોંધ લેવી જોઈએ. ખાસ કરીને હાલમાં ઓલોમ્પીકસના માહોલમાં જયારે ટોકીયોમાં રમાતા ૨૦૦ ઉપરાંત દેશોના ખેલાડીઓ આપણું ધ્યાન આકર્ષી રહ્યા છે. વર્ષ ૧૯૫૧-૫૨ દરમ્યાન દિલ્હીમાં યોજાયેલી પ્રથમ એશીયન ગેમ્સની ડાઈવિંગ (Diving) સ્પર્ધામાં આપણાં જ્ઞાતિજન શ્રી ટી.ટી. દંડ ઉર્ફે શ્રી ટોકરશી ત્રીકમજી દંડ એ અન્ય કચ્છી ડ્રાઈવર શ્રી ખટાઉની સાથે જોડીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરેલું. આપણા એક જ્ઞાતિજન આવી મોટી એશીયાઈ સ્પર્ધામાં ભારતના એક પ્રતિનિધિ તરીકે ભાગ લે તેવા મહાન અને એકમાત્ર ખેલાડીની આજે કેટલાં જ્ઞાતિજનોને જાણ છે ? તે સમયે તેમના નામનો નાના પાયે ક્યાંય ઉલ્લેખ થઈ હતો પણ સમગ્ર જ્ઞાતિ ક્ષેત્રે ભારતનું પ્રતિનિધિત્વ કરનારા આવા એકમાત્ર ખેલાડીનું આપણે કોઈ સુયોગ્ય સન્માન કે કાયમી યાદગીરી નથી રચી.

આવા એક અજોડ ખેલાડીને અત્રે અત્યંત ભાવપૂર્વક યાદ કરવા સિવાય આપણે કશું જ નથી કરી શકતા એથી વધુ ખેદ શું હોઈ શકે ? ફરી અફસોસ...

---

**લીબોર્ડ ફાઉન્ડેશન દ્વારા જૈન કન્યાઓ માટે સ્કોલરશીપ**

૧૦૪, એમ. કે. ભવન, ૩૦૦, શહીદ ભગતસિંહ રોડ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧ ઈમેઈલ : office@leboard.com વધુમાં વધુ રૂા. ૭૫૦૦/- વાર્ષિક સ્કોલરશીપ સ્કુલ કોલેજને નામે અથવા સીધા વળતરરૂપે આર્ટસ, કોમર્સ કે સાયન્સના ડિગ્રી કોર્સ માટે. પ્રોફેશનલ કોર્સ માટે નથી. જરૂરતો : ૧) આવકનું સર્ટિફિકેટ (રૂા. ૩ લાખ વાર્ષિક આવકની નીચેના માટે) ૨) સ્કુલ /કોલેજની ફીનો પત્ર ૩) રહેઠાણનો પુરાવો, ઈલેકટ્રીક બીલ, ભાડા ચિઠ્ઠી, મેન્ટેનન્સ બીલ ૪) આધાર કાર્ડ ૫) ગ્રામ્ય વિસ્તારને પ્રાથમિકતા.

સી.એ. સુમન લોડાયા

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : શ્રીમતી તેજલબેન રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) - મોટી સીંધોડી (સાયન)**

# ડી.બી. કે.ડી.ઓ. જૈન એકમની કલ્પવૃક્ષ યોજના

## ચેતવણી

ઉપરોક્ત એકમ અને કલ્પવૃક્ષ ધારકોને તેમને મળવા જોઈએ તે નાણાં અંગે **Honble NATIONAL CONSUMER DISPUTE REDRESSAL COMMISSION Consumer Complaint No. 2938 of 2017** કેટલાય વર્ષોથી ચાલે છે. આ કેસ ચાલુ જ છે અને એનો નિર્ણયાત્મક ફેંસલો ન આવે ત્યાં સુધી જૈન એકમની કોઈપણ પ્રોપર્ટી તેઓ વેચી શકે નહીં. જેના પર વૃક્ષો ઉગાડ્યા હતા તે જમીન લગભગ ૧૫૦ એકર આસપાસ છે. અને અમારી જાણમાં આવ્યા પ્રમાણે તેઓ રૂપિયા ૬ લાખથી ૧૦ લાખ પ્રતિ એકરથી એ જમીન વેચવા માંગે છે. જો એ સોદો થાય કે થયો હોય તો એ કાયદાની વિરૂધ્ધ છે, તે તેઓ ધ્યાનમાં લે તથા **પહેલેથી જોડાયેલા કલ્પવૃક્ષ ધારકો** પણ ધ્યાનમાં લે કે એ બધા વતી જે કેસ લડાઈ રહ્યો છે તેઓ પણ સાબદા થઈ જાય.

આટલી મોટી જમીન વેચાણ કરતા પહેલા ડી.બી.કે.ડી.ઓ. જૈન એકમે કોઈપણ ન્યુઝ પેપરમાં જાહેરાત આપી જ હશે. તો એ કયા ન્યુઝ પેપરમાં, કઈ ભાષામાં, ક્યારે જાહેર ખબર આપી છે તે, જો કોઈ જાણકાર એ જાહેર ખબરની કોપી – ન્યુઝ પેપર અમને ઉપલબ્ધ કરાવશે તો તેમનો આભાર માનીશું.

અન્ય કોઈ ગામની વ્યક્તિએ કલ્પવૃક્ષ સર્ટીફિકેટ ધારકોને એવું પણ કહ્યું છે કે, ‘‘તમે તમારા ઓરીજીનલ સર્ટીફિકેટ અમને આપી દો, અમે તમને ડુપ્લીકેટ કોપી આપીશું અને તમને પૈસા મેળવી આપીશું.’’ એવી વાત પણ અમારી જાણમાં આવી છે.

આ અફવા છે કે સત્ય છે, તે ટુંક સમયમાં ખબર પડશે.

તો સૌને વિનંતી છે કે આ બાબત સાચી હોય તો સાવધાન રહે.


લી.

**ચંદ્રહાસ ખોના**

**મો. 9004 39 2460, 9004 68 2460**

*૨૦૪/બી, રાહુલ રેસીડેન્સી, ૮૦ ફીટ રોડ, બન્ની પાર્કની સામે, આણંદ-૩૮૮ ૦૦૧. (ગુજરાત)*

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૩૪



**લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**

(ગતાંકથી ચાલુ...)

મારો આ લેખ આપના કરકમલોમાં આવશે ત્યારે ભારતભરમાં અષાઢ મહિનાથી આસો મહિના સુધી જુદા-જુદા ધર્મોમાં ખાસ કરીને હિન્દુ અને જૈન ધર્મમાં ધાર્મિક ક્રિયાઓ કરવાના ખાસ પ્રસંગો આવશે. જેમ કે શ્રાવણીયો સોમવાર, બળેવના દિવસે વિપ્રો જન્મોઈ બદલશે અને માં ભવાનીના ચાચરના ચોકમાં નવ-નવ દિવસ સુધી આરાધના કરવામાં આવશે અને દશમે દિવસે વિજ્યાદશમી ઉજવાશે. હિન્દુઓનો સૌથી મોટો તહેવાર એટલે કાળી ચૌદશથી લઈ આસો વદ-અમાવસ્યા સુધી દિવાળી પર્વ તરીકે ઉજવાશે. એ દિવસે જૈનોના ચોવીસમાં તીર્થંકર શ્રી મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા હતા તેથી તેમની યાદમાં જૈનોના ઘરે પણ પૂજા, અર્ચના, વિશેષ પાઠ ઈત્યાદિ કરવામાં આવશે.

જૈન ધર્મમાં આ ચાર મહિના ''ચાતુર્માસ''ના જુદા-જુદા ગામોમાં, કસબામાં, શહેરોમાં અતિ ઉત્સાહથી ઉજવાય છે. સાધુ-સાધ્વી ભગવંતોની ખાસ પધરામણી, આગમન શ્રીસંઘની વિનંતી મજુબ અને ગુરુદેવની આજ્ઞા પ્રમાણે ઉપાશ્રયમાં સ્થિર થઈ સામાન્ય જનગણને પ્રબોધવાનું કાર્ય કરે છે. અથવા સાધુ-સાધ્વી તેમના ગુરુદેવ પાસેથી ગ્રંથોનું વાંચન કરી, મનન કરી માર્ગદર્શન મેળવે છે. આ સમય દરમ્યાન વિહાર કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

જૈન ધર્મ સુક્ષ્મ અહિંસાને વરેલો હોવાથી અને આ ચાર મહિના દરમ્યાન સુક્ષ્મ જીવોની ઉત્પતી અધિક થતી હોવાથી તેમને બચાવવા ચાતુર્માસનો સ્થિર વાસ કરવામાં આવે છે. નહીં તો સાધુ તો ચલતા ભલા... !!!

હાલમાં કચ્છના ઘણા ગામોમાં કોવિડ-૧૯ હેઠળ અપાયેલ છૂટછાટના કારણે સાધુ ભગવંતોને સરઘસ દ્વારા ગામમાં પ્રવેશ કરાવતા ઘણા વિડીયો વહેતા થયા છે. આ વિડીયોમાં બહેનો ખાસ વિશિષ્ટ સાડીઓમાં પરિધાનીત થઈ, માથે બેડલા લઈ મુખ કોશ (માસ્ક) વગર ગરબા કે રાસ લેતા ગુરુવર્યોને આવકારતા હોય છે. પુરુષ વર્ગ જૈન શાસનનો ગગનભેદી જય જય કાર બોલાવતા શોશિયલ-ડિસ્ટન્સના ધજાગરા ઉડાવતા જોયા. કોવિડ-૧૯ની ત્રીજી લહેર આવે નહીં તો જ નવાઈ...???

ખેર ! આપણે ઉત્સવ પ્રિય અને દેખાડા પ્રિય વ્યક્તિઓ છીએ તેથી માંડ-માંડ કોવિડ-૧૯માં મળેલી છુટનો દુરઉપયોગ ના કરીએ તો આપણે ધર્મ પ્રેમી છીએ તે કેમ જતાડી શકાય.

આ ચાતુર્માસ દરમ્યાન અનેક ગામોમાં પૂજ્ય ભગવંતોના મુખેથી જિનવાણી વહેશે અને તેમાં ખાસ આ જે મનુષ્ય ભવ મળ્યો છે જેનાથી કર્મો ખપાવી, ધર્મના આચાર-અતિચાર ક્રિયાઓનું પાલન કરી મોક્ષ (મુક્તિ)ના માર્ગે આગળ વધવાની ''ચાવીઓ'' આપશે.

આમાંની એક મહત્ત્વની ચાવી એટલે..

जो इंदियादिविजई, भवीय उवओगमप्पगं झादि ।
कम्मेहिं सो ण रंजदि, किह तं पाणा अणुचरंति ।।

આનું સામાન્ય ગુજરાતી ભાષામાં અર્થ :- જે ઈન્દ્રિય આદિને વશમાં રાખીને ઉપયોગ અર્થાત્ જ્ઞાન અને દર્શનની જાગૃત અવસ્થારૂપ આત્માનું ધ્યાન કરે છે તે કર્મો વડે લેપાતો નથી. એવા આત્માને દેહ-મન-પ્રાણ કેવી રીતે વળગે ? અર્થાત્ તેને ફરી ફરી જન્મ લેવા પડતા નથી.

સાધના સૌ સૌ-સૌની શક્તિ અનુસાર જ થઈ શકે. શ્રાવક પોતાના આચાર પરત્વે બરાબર સાવધાન રહી લક્ષ શ્રમણાચારની દિશામાં આગળ વધવાનું રાખે તો શ્રાવકની આત્મશક્તિ વધે, રાગ-દ્વેષાદિ વિકારો અને ક્રોધાદિ કષાયો પર કાબુ મેળવવા લાગે ત્યારે એ એકપછી એક શ્રેણી વધતો-વધતો શ્રમણપંથ પર ડગ દેવા માંડે છે. બાર વ્રતોનું બરાબર પાલન કરતાં-કરતાં અગિયાર શ્રેણીઓ પાર કરીને શ્રાવક શ્રમણની શ્રેણીમાં પહોંચી જાય છે. આમ જોવા જઈએ તો શ્રાવક ધર્મ એ શ્રવણ ધર્મનો આધાર અથવા પુરક ધર્મ છે. અણુવ્રતાદિનું પાલન શ્રાવકને સાધક બનવાની પ્રેરણા આપે છે. તો બીજી બાજુ સમાજના સુસંચાલનમાં પણ અપૂર્વ ભૂમિકા અદા કરવાનું ઈજન આપે છે.

આ લેખ તૈયાર કરવામાં મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ દ્વારા ''જૈનધર્મસાર'' પુસ્તકનું ''સમણસુત્ત'' પુસ્તક નામે અનુવાદ કર્યો છે તેની સહાયતા લીધેલ છે અને તે બદલ આભારી છું. મારા અતિ ઉંડા જૈન ધર્મના સુત્રોના અલ્પ જ્ઞાનના આધારે તથા ધર્મ ચર્ચાના આધારે અત્યાર સુધીના ઉપરના આલેખમાં જિન આજ્ઞા વિરુધ્ધ કાંઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.... (વધુ આવતા અંકે...)

સમાચાર સંકલન — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

**ત્રણ ક.દ.ઓ. સંસ્થાઓને CSR રજીસ્ટ્રેશન**

શ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, શિક્ષણ પ્રસારક સમિતિ અને ઉત્કર્ષ ટ્રસ્ટ, આ ત્રણ શૈક્ષણિક સંસ્થાઓને કોર્પોરેટ અફેર્સ મિનીસ્ટ્રી તરફથી CSR ફંડ સ્વીકારવા જરૂરી રજીસ્ટ્રેશન મળી ગયું છે.

**કેડીઓ ક્લાસીક ફાઉન્ડેશન**

બીદડા – કચ્છ ખાતે તા. ૨૫.૯.૨૧થી તા. ૨.૧૦.૨૧ સુધી નેચરક્યોર કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક ૫૦ વર્ષથી ઉપરની ઉમરનાં (જે પરિવારની માસિક આવક રૂા. ૩૦૦૦૦/– ઓછી હોય તેવા) કદઓ જ્ઞાતિજનોને મર્યાદિત સંખ્યામાં ફાઉન્ડેશન દ્વારા સ્પોન્સર કરવામાં આવશે. ઈચ્છુકોએ મો.નં. ૯૮૨૦૯ ૫૩૪૨૫ ઉપર સંપર્ક સાધવો.

**જીવ માત્રની શાતા માટે આંયબીલ તપ કરાવાયા**

બકરી ઈદ નિમિત્તે જીવમાત્રની શાતા માટે આયંબિલતપની આરાધના કરવામાં આવી હતી. વર્ધમાનનગરે પ. પૂ. આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૧, વર્ધમાન નગર, નોર્થ મધ્યે પૂ. સા. શ્રી ચારૂકલાશ્રીજી મ. સા.ની નિશ્રામાં ભુજ અચલગચ્છ જૈન સંઘ મધ્યે પૂ. મુનરિાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા. ની નિશ્રામાં ૯૦ તપારાધકોએ આંયબિલતપની આરાધના કરી હતી.

**શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેંદ્રસાગર સૂરીશ્વરજી શ્રી ક.દ.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ) – ધુલીયા**

તા. ૧૭.૭.૨૦૨૧ના દિને સંસ્થાની કારોબારી સમિતિ તથા જનરલ સભા સંસ્થાના કાયમી અધ્યક્ષ પ. પૂ. શ્રી યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા.ના પ્રમુખપણા હેઠળ થયેલ. આ સભામાં અતિથિવિશેષ તરીકે શ્રી પ્રિયેશભાઈ કિશોર ભેદા (IRS) વારાપધ્ધર Deputy Commissoner (GST) Maharashtra પધારેલ. એમનું અમુલ્ય માર્ગદર્શન મળેલ. સંસ્થા તરફથી એમનું બહુમાન કરવામાં આવેલ. આ સભામાં નીચે મુજબ પદાધિકારીઓની નિમણૂંક એકમતથી કરવામાં આવેલ.

(૧) શ્રી ભરતભાઈ નરશીભાઈ દંડ, મલકાપુર – અધ્યક્ષ (૨) શ્રી રાજેશભાઈ દામજીભાઈ પોલડીયા. નાશિક – ઉપાધ્યક્ષ (૩) શ્રી પ્રદિપભાઈ ચંદ્રકાંતભાઈ શાહ (લોડાયા), ધુલીયા – માનદ્ મંત્રી (૪) શ્રી કેતનભાઈ દિનેશભાઈ મૈશેરી (બુરહાનપુર) – કારોબારી સભ્ય (૫) શ્રી ઉત્તમચંદભાઈ દેવશી દંડ (મલકાપુર) – કારોબારી સભ્ય.

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **– તંત્રી**


Exclusive Embroidery & Upto date Finishing

જ્યોતિ — Sachi Jari maate real nam

